# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2555 ❖ માઘ પૂર્ણિમા ❖ 7 ફેબ્રુઆરી 2012 ❖ વર્ષ – 12 ❖ અંક – 11 ❖ સળંગ અંક - 143

## ધમ્મવાણી

सुखो बुद्धानं उप्पादो, सुखा सद्धम्मदेसना ।
सुखा सङ्घस्स सामग्गी, समग्गानं तपो सुखो ।।
– धम्मपद : १४–८

બુદ્ધોનું ઉત્પન્ન થવું સુખદાયી છે. સુખદાયી છે સદ્ધર્મનો ઉપદેશ, સંઘની એકતા સુખદાયી છે. સુખદાયી છે, એકી સાથે તપ કરવું.

## સંબુદ્ધ ચારિકા : સ્વપ્ન પૂરાં થયાં

આચાર્ય આલારકલામ અને ઉદ્દક રામપુત્ર પાસે સાતમું અને આઠમું ધ્યાન શીખીને પણ જ્યારે બુદ્ધત્વ પ્રાપ્ત ન થયું, ત્યારે બોધિસત્વ સિદ્ધાર્થે દેહદંડની દુષ્કર સાધના અજમાવી જોઈ. છ વર્ષો સુધી ઘોર કાયા કષ્ટની એ ક્લિષ્ટ સાધના દ્વારા શરીરને એટલું કૃશ બનાવી નાખ્યું કે તે હાડપિંજર માત્ર રહ્યું. દુર્બળ એટલો કે ઊભો થતાં જ પડી જાય અને મૂર્છિત થઈ જાય. લોકોને લાગે કે શ્રમણ ગૌતમ મરણાસન્ન છે અથવા એવો ભ્રમ થાય કે મૃત્યુ પામ્યા છે. આ નિમ્ન કોટિની કાયકલેશમયી કઠોર તપસ્યા કરીને જોઈ લીધું કે આ અતિઓનો માર્ગ છે તેથી નિરર્થક કે, નિષ્ફળ છે. તેના વડે બુદ્ધત્વ પ્રાપ્ત થવાની કોઈ આશા નથી.

એ મહાશાક્ય સંવતનું ૧૦૩ મું વર્ષ હતું. ચૈત્ર મહિનો સમાપ્ત થઈ રહ્યો હતો. ત્યારે બોધિસત્વે નિર્ણય કર્યો કે કોઈ બીજો પ્રયોગ કરી જોવો ઉચિત રહેશે. કયો પ્રયોગ કરવો ? તેનું ચિંતન કરતાં, બાળપણની એક ઘટના યાદ આવી. હળ જોડવાનો વાર્ષિક મેળો હતો. ગામ–નગરનાં બધાં લોકો એકત્ર થયાં હતાં. પરંપરાગત માન્યતા અનુસાર શાસક મહારાજ શુદ્ધોદને ખૂબ ધામધૂમથી ખેતરની ભૂમિ પર પ્રથમ હળ ચલાવ્યું. બાળક સિદ્ધાર્થને નજીકના એક જાંબુડાની છાયામાં સુવડાવીને રાજસી પરિચારિકાઓ લોકોત્સવના ધૂમધડાકા જોવા ખેતરના શેઢે જઈને બેસી ગઈ. થોડા વખત બાદ જ્યારે રાજકુમાર જાગ્યો તો કોઈને પાસે ન જોતાં જાંબુડાની છાયામાં પલાંઠી વાળીને બેસી ગયો અને શીઘ્ર પ્રથમ ધ્યાનની સમાપત્તિમાં સમાહિત થઈ ગયો. હવે બોધિસત્વે બચપણની એ અનુભૂતિ પર ધ્યાન આપ્યું. તો યાદ આવ્યું કે તે વખતે તેણે પોતાના સહજ સ્વાભાવિક શ્વાસ ઉચ્છ્વાસની જાણકારી રાખવાનો પ્રયાસ કર્યો હતો. તેના થકી તેને સહજ સમાધિ લાગી હતી. તે વિધિને ફરીથી અજમાવી કેમ ન જોઉં? તે વિધિનો તેણે અનેક પૂર્વજન્મમાં પણ થોડો થોડો અભ્યાસ કર્યો હશે. તેથી જ બચપણની અવસ્થામાં કોઈ માર્ગદર્શકની સહાય વિના એ અનાયાસ જ જાગી ઉઠી હતી.

બોધિસત્વે વિચાર્યું કે આચાર્ય આલારકલામ અને ઉદ્દક રામપુત્રને ત્યાં જે પ્રથમથી સાતમા સુધી અને સાતમાથી આઠમા સુધીના ધ્યાનનો અભ્યાસ કર્યો. તે બાહ્ય આલંબનો પર અથવા યથાભૂત અનુભૂતિઓથી દૂર ફક્ત કલ્પનાઓ પર આધારિત હતો.

જ્યારે આ શ્વાસ–ઉચ્છ્વાસ વાળી આનાપાનની સાધના અંગે નૈસર્ગિક રૂપે જે સચ્ચાઈ પ્રગટ થઈ રહી છે તેને તટસ્થભાવે જોવાની સહજ સરળ વિધિ છે. તેમાં નથી કોઈ કલ્પના કે નથી સ્વથી અસંબંધિત કોઈ દૂર દૂરના આલંબનનો આધાર. આથી તેનો જ પ્રયોગ કરી જોઉં. પોતાના જ સ્વાભાવિક શ્વાસને જોતાં જોતાં સરળતાથી પોતાની ભીતર પ્રવેશ કરી શકાશે અને શરીરના ભીતરની સચ્ચાઈને જોઈ શકવાની એટલે કે અનુભવ કરી શકવાની ક્ષમતા સહજ રીતે પ્રાપ્ત થઈ શકશે. એવી વિધિ, જેના થકી પોતાના શરીરની સીમાની ભીતર જ ધ્યાન રહે અને બહારનાં આલંબનોને છોડીને પોતાના જ ચિત્ત અને શરીરના એટલે કે નામ–રૂપનો પ્રપંચ જોઈ શકાય. આ રીતે સંપૂર્ણ અનિત્યધર્મી ક્ષેત્રનું નિરીક્ષણ કરીને તેનાથી પરે નિત્યધર્મી પરમસત્યનું દર્શન કરી શકાય, ત્યારે બોધિ પ્રાપ્ત થશે.

અનેક જન્મોની પારમિતાઓ હવે પરિપૂર્ણ થઈ જવાને કારણે સમય પાક્યો અને બોધિસત્વનું ચિંતન આમ સાચી દિશા તરફ વળ્યું. એ ધર્મનિયામતાનો એટલે કે ધર્મના સનાતન નિયમોનો જ પ્રભાવ હતો. જેણે બોધિસત્વનું ધ્યાન આનાપાન સતિ તરફ પ્રેર્યું; જે અંતર્મુખી, સત્યમુખી, મુક્તિદાયિની વિપશ્યના સાધનાનું પ્રથમ ચરણ છે.

પરમ સત્યની લોકોત્તર અવસ્થા સુધી ન પહોંચાડી શકનાર આઠે લૌકિક ધ્યાન અને કઠોર કાયકલેશ. આ બંનેના સ્વાનુભૂતિજન્ય પૂર્વ પ્રયોગો, તેની ખામીઓ સમજવા માટે આવશ્યક હતા. એ બંનેના પ્રયોગોની અસફળતાએ જ સાચી દિશામાં ચિંતન કરવા પ્રેરિત કર્યા કે પોતાના ચિત્ત અને શરીર પર ક્ષણ પ્રતિક્ષણ પ્રગટ થનારી સચ્ચાઈનો આધાર લઈને પહેલાં શ્વાસથી કામનો આરંભ કરવામાં આવે. ત્યાર બાદ ભીતરની સ્વાનુભૂત નશ્વર સચ્ચાઈઓનું યથાભૂત જ્ઞાનદર્શન અને તેમના પ્રત્યે વિરક્તિ ઉત્પન્ન કરાવતી વિપશ્યનાનો અભ્યાસ કરવામાં આવે, જેથી ઇન્દ્રિયાતીત પરમ સત્ય પ્રગટ થઈ જાય.

પરંતુ પછી જોયું કે આ સાધના માટે શરીરનું સ્વસ્થ, સબળ હોવું અનિવાર્ય છે, અને તેના માટે અતિઓનો માર્ગ ત્યાગીને ઉપયુક્ત આહાર આવશ્યક છે. આથી દૂર ફેંકી દીધેલું માટીનું ભિક્ષાપાત્ર ઉઠાવ્યું અને ભિક્ષાટન માટે સમીપના સેનાની ગામમાં

દુર્બળ પગલે ધીરે ધીરે ચાલી નીકળ્યા.

લગભગ છ વર્ષ પૂર્વે, જ્યારે કઠોર, દુષ્કર ચર્યાનો આરંભ કરેલો, ત્યારે બોધિસત્ત્વની શોધમાં નીકળેલા રાજનગરી કપિલવસ્તુનાં પાંચ ગૃહત્યાગી બ્રાહ્મણપુત્ર તેમને અહીં મળ્યા હતા અને આ તપશ્ચર્યામાં તેમની સેવા શુશ્રૂષા કરી રહ્યા હતા. તેઓએ જ્યારે જોયું કે બોધિસત્ત્વે દેહદંડનો માર્ગ ત્યાગી દીધો છે અને ભિક્ષા ગ્રહણ કરવા ચાલ્યા ગયા છે ત્યારે તેઓ તેમના પ્રત્યે નિરાશ થઈ, તેને છોડીને વારાણસીની સમીપ ઋષિપત્તન મૃગદાય વન તરફ ચાલ્યા ગયા.

સારું જ થયું. અહીં પણ ધર્મનિયામતાએ એટલે કે ધર્મની ધર્મતાએ બોધિસત્ત્વની મદદ કરી. જે સાધનાનો હવે તેણે પ્રયોગ કરવાનો હતો તે માટે એકાંત અતિશય અનિવાર્ય હતું. આનાપાન અને વિપશ્યનાના અંતર્તપ માટે બોધિસત્ત્વને ૧૫ દિવસની એકાંત સાધનાની આવશ્યક સુવિધા મળી. જે બુદ્ધત્વ પ્રાપ્તિ માટે સહાયક સિદ્ધ થઈ.

એક-બે દિવસ શરીરને સબળ-સ્વસ્થ બનાવવામાં લાગ્યા અને પછી આ નવા પ્રયોગની નિરંતરતામાં લાગી ગયા. વૈશાખ શુક્લ પ્રતિપદાથી લઈને ચતુર્દશી સુધીનો આ મહત્ત્વપૂર્ણ સમય આજ પૂરો થયો. નિરંજના નદીના કિનારે એક વડલાની છાયામાં બોધિસત્ત્વ ધ્યાનમાં લીન હતા. ચૌદશનો ચંદ્ર આખી રાત પોતાની ચાંદનીનાં શુભ્ર, શુક્લ, શીતળ કિરણોથી આકાશ અને ધરતીને અભિસિંચિત કરતો રહ્યો. ધ્યાન માટે અત્યંત ઉપયુક્ત વાતાવરણ બન્યું. વડલા નીચે બેઠેલા બોધિસત્ત્વે તેના ભરપૂર પ્રયોગ કર્યા. આનાપાનની સાધના દ્વારા પોતાની સમ્યક્ સમાધિ પુષ્ટ કરી. રાત વીતવાનો સમય સમીપ આવી રહ્યો હતો. પ્રભાત થવાને હજુ થોડી વાર હતી. સૂર્યોદય થયો ન હતો કે ન તો ઉષાનું આગમન. આ શાંત નીરવ બ્રાહ્મ મુહૂર્તમાં બોધિસત્ત્વે શરીરને જરા આરામ આપવા ઇચ્છ્યું. તે વટવૃક્ષ નીચે સૂઈ ગયા અને થોડી જ વારમાં ઝોકું આવી ગયું. નિદ્રાવસ્થામાં એક પછી એક પાંચ સ્વપ્નો પ્રગટ થયાં, જે ભવિષ્ય તરફ ઇંગિત કરનારા પૂર્વાભ્યાસ હતા. સ્વપ્નો સમાપ્ત થતાં જ બોધિસત્ત્વ જાગી ગયા અને તેમના અર્થ પર વિચાર કરવા લાગ્યા.

**(૧) પહેલું સ્વપ્ન :**

બોધિસત્ત્વે પોતાનું વિશાળ, વિરાટ રૂપ જોયું. જોયું કે તે ભારતની સંપૂર્ણ પાવન ધરતી, જે તેમના માટે બિછાનું બની ગઈ છે. તેની ઉપર સૂતેલા છે. હિમાલયનું ઉત્તુંગ શિખર તેમનું ઓશિકું બનેલું છે. તેમના પગ દક્ષિણ ભારત(કન્યાકુમારી) સુધી ફેલાયેલા છે અને દક્ષિણના હિંદ મહાસાગર પર ટેકવેલા છે. જે તેમનું પાદ-પ્રક્ષાલન કરી રહ્યો છે. જમણો હાથ પૂર્વના સમુદ્ર (બંગાળી સાગર) પર, જે તેમની હથેળીઓ અને આંગળીઓનું પ્રક્ષાલન કરી રહ્યો છે.

(અખંડ ભારતવર્ષનું આવું સંશ્લિષ્ટ ભૌગોલિક ચિત્ર આ પૂર્વે ક્યાંય જોવામાં નથી આવ્યું.)

આ સ્વપ્ન દ્વારા એ વાત સ્પષ્ટ થઈ કે અગણિત કલ્પો પહેલાં ભગવાન દીપંકર સમ્યક્ સંબુદ્ધે તાપસ સુબોધ માટે જે આશીર્વાદમયી ભવિષ્યવાણી કરેલી, તે ફળીભૂત થવાનો સમય આવી ગયો છે. **ધ્રુવં બુદ્ધ ભવિસ્સસિ ।**

આ વિરાટ દર્શન તે ભાવિ બુદ્ધનું હતું. જે સાધારણ માનવીઓની તુલનામાં અસાધારણ મહાન બનશે. તેમના મહાન પ્રભાવશાળી વ્યક્તિત્વ અને જન-કલ્યાણી શિક્ષાનો પ્રભાવ આખા ભારતવર્ષ પર પડશે અને પછી દક્ષિણ-પૂર્વ અને પશ્ચિમી સમુદ્રો દ્વારા તથા ઉત્તરના હિમાલયના રસ્તે આખા વિશ્વમાં ફેલાશે.

**નોંધ :** ગંભીર વિપશ્યી સાધક એ વાત ખૂબ સમજે છે કે શરીરના પાંચે અંતિમ છેડા – બે હાથ, બે પગ અને શિર, તેમાંથી પ્રતિક્ષણ અનિત્ય બોધના ઊર્જામય ધર્મતરંગો પ્રવાહિત થતા રહે છે. જે સમ્યક્ સંબુદ્ધ થઈ જાય, તેમનું તો કહેવું જ શું ?

**(૨) બીજું સ્વપ્ન :**

બોધિસત્ત્વે જોયું કે એમના સૂતેલા વિરાટ શરીરની નાભિમાંથી એક નાનકડો છોડ ઊગ્યો છે. જે જોતજોતામાં શીઘ્રગતિથી વધતાં વધતાં એક વેંતમાંથી એક હાથ, એક ગજ, એક વાંસ, એક જોજન, થતાં થતાં હજારો જોજન ઊંચો થઈ ગયો અને અનંત આકાશ પર છવાઈ ગયો.

આ સ્વપ્ન એ વાતનું દ્યોતક હતું કે, ભગવાન બુદ્ધની શિક્ષા કેવળ ધરતીના માનવો માટે જ નહિ હોય બલ્કે નભો-મંડળના દેવ-બ્રહ્માઓ સુધી પણ પહોંચશે અને તેમનું કલ્યાણ કરશે. બોધિસત્ત્વ બુદ્ધ બનીને **સત્થાદેવ મનુસ્સાનં** (દેવ અને મનુષ્યોના શાસ્તા) બનશે.

**(૩) ત્રીજું સ્વપ્ન :**

બોધિસત્ત્વે જોયું કે ચારે તરફથી નાના નાના અગણિત જીવ તેમના ચરણો પર આવી આવીને પગમાં પડી રહ્યા છે. તેઓ સફેદ રંગના છે અને કાળા મસ્તકવાળા છે. ખૂબ શીઘ્ર તેમની સંખ્યા એટલી વધી કે તે જીવો તેમનાં ચરણોથી લઈને ઘૂંટણો સુધી છવાઈ ગયા. આ સ્વપ્ન એ વાતનો પૂર્વ સંકેત હતો કે કાળા કેશવાળા અને શ્વેત વસ્ત્રોવાળા અનેક ગૃહસ્થો બુદ્ધનું શરણ ગ્રહણ કરશે અને લાભાન્વિત થશે. શ્વેત વસ્ત્ર અને માથાના વાળ ગૃહસ્થોનું પ્રતીક છે. તેમના વસ્ત્રો ભગવા નહિ, શ્વેત છે. તેમના શિર મુંડેલા નથી. કેશવાળા છે એટલે કે તેઓ ગૃહત્યાગી નથી, ગૃહસ્થો છે. ગૃહત્યાગી ભિક્ષુઓ અને ભિક્ષુણીઓના મુકાબલે તેમની સંખ્યા અનેકગણી અધિક હશે.

**(૪) ચોથું સ્વપ્ન :**

બોધિસત્ત્વે જોયું કે ચારેય દિશાઓમાંથી ચાર વર્ણના પક્ષીઓ ઊડતાં ઊડતાં એમના ખોળામાં આવી પડયાં. તેઓ તત્કાળ પોતાનો વર્ણ ત્યાગીને શુભ્ર શ્વેત થઈ ગયાં. આ સ્વપ્નનું તાત્પર્ય એ હતું કે ભગવાનની સુખદ ગોદમાં ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય અને શુદ્ર – એ ચારેય વર્ણોના લોકો આવશે અને ભિક્ષુ જીવન ગ્રહણ કરીને પરમ વિશુદ્ધ થઈ જશે. અર્હંત અવસ્થા પ્રાપ્ત કરી લેશે. એવી અવસ્થામાં તેઓ પોતાના વર્ણભેદ ત્યાગી દેશે. બધા એક સમાન થઈ જશે. જેમ ગંગા, વગેરે વિભિન્ન નદીઓનાં જળ સમુદ્રમાં સમાઈને પોતપોતાની પૃથક્તા ગુમાવી દે છે, બધાં એકસમાન સમુદ્રજળ બની જાય છે. તેવી રીતે, બધા વર્ણોના લોકો ભિક્ષુ સંઘમાં સામેલ થઈને, પોતાના પૂર્વકાળની પૃથક્તાને છોડી દેશે. સહુ શુદ્ધ સદ્ધર્મમાં સમાઈ જશે.

**(૫) પાંચમું સ્વપ્ન :**

બોધિસત્ત્વે જોયું કે ગંદકી અને મળનો એક મોટો ટીંબો છે. જેના પર તેઓ સંક્રમણ કરી રહ્યા છે. આંટા મારી રહ્યા છે. આંટા મારી

રહ્યા છે, પરંતુ તેમને જરા જેટલો પણ મેલ અડકી શકતો નથી. આ સ્વપ્ને એ સત્ય તરફ સંકેત કર્યો કે પરમ સત્યની શોધ માટે બોધિસત્ત્વે નિવૃત્તિ માર્ગ અપનાવીને માનવ સમાજથી દૂર વનપ્રદેશમાં રહેવું પડ્યું. પરંતુ સંબોધિ પ્રાપ્ત કર્યા બાદ અસીમ કરુણાભર્યા ચિત્તે લોકમંગલ માટે એ જ માનવ સમાજમાં રહેવું આવશ્યક બનશે, જે ગંદકીથી ભરેલો છે. તેને મુક્તિનો માર્ગ શીખવવો પડશે. પૂર્વ પત્ની, પુત્ર, માતા, ભાઈ વગેરે પરિવારના અન્ય લોકો પણ જોડાઈ જશે. સમ્યક્ સંબુદ્ધ બધા પર કરુણા વરસાવશે. તેમના મોક્ષનો માર્ગ પ્રશસ્ત કરશે. પરંતુ જીવન નિરાસક્ત જીવશે. ઢગલાબંધ ચીવર, દવા, ભોજન, આવાસ, વિહાર દાનમાં મળશે પણ પોતાના માટે એટલું જ સ્વીકારશે, જેટલું જીવન જીવવા માટે આવશ્યક હશે. ગંદકીમાં અટવાયેલા સમાજની વચ્ચે રહેશે. પણ સર્વથા નિઃસંગ, નિઃસ્પૃહ, નિર્લિપ્ત અને નિરાસક્ત!

જે વખતે આ સ્વપ્નોના અર્થ પર ચિંતન ચાલી રહ્યું હતું. તે વખતે સેનાની ગ્રામની સુજાતાની દાસી આવી અને તેમને જોઈ ગઈ. તેમને વટદેવ સમજીને તેણે તે અંગેની ખબર પોતાની શેઠાણીને આપી. ચિંતન સમાપ્ત થતાં-થતાં સુજાતા ખીર ભરેલું પાત્ર લઈને આવી, જેમાંથી ૪૯ કોળિયા ખાઈને બોધિસત્ત્વ ધ્યાનમાં બેસી ગયા.

આ બનાવ બાદ ૨૪ કલાક વીતતામાં એટલે કે આગલી રાતની પૂર્ણિમાનો ચંદ્ર પશ્ચિમમાં આથમતો હતો, ત્યારે બોધિસત્ત્વે બોધિવૃક્ષની નીચે સમ્યક્ સંબોધિ પ્રાપ્ત કરી. તેઓ અનુત્તર સમ્યક્ સમ્બુદ્ધ થયા અને બોધિસત્ત્વની અવસ્થામાં જોયેલા સ્વપ્ન એક પછી એક કરીને બધાં સત્ય સાબિત થયાં. ખૂબ લોકમંગળ થયું. ખરેખર ખૂબ જ લોકમંગળ થયું. ખૂબ લોક કલ્યાણ થયું. ખરેખર, ખૂબ જ લોક કલ્યાણ થયું!

– કલ્યાણ મિત્ર
સત્યનારાયણ ગોયન્કા

# સાધિકાનો અનુભવ

મેં પાંચ મહિનાની પ્રેગનન્સીમાં વિપશ્યના શિબિર કરી હતી. શિબિરથી મને અને મારા બેબીને ઘણો જ ફાયદો થયો છે. (૧) મન શાંત રહે છે. કોઈને પણ સમજી શકાય છે. (૨) ગુસ્સો આવતો નથી. જીવન જીવતાં શીખવા મળે છે. બાળક જન્મથી જ તંદુરસ્ત હતું. બહુ જ બુદ્ધિશાળી છે. પરિવારમાં અને સ્કૂલમાં એકસમાન વ્યક્તિત્વ ધરાવે છે. તેની અલગ ઓળખાણ ઝડપથી બનાવે છે. ભણવામાં કે.જી. માં છે. પણ અંગ્રેજી સારું છે. સાડા ચાર વર્ષનો છે, પણ પાંચમા ધોરણના બાળકો જેટલી આવડત છે. વિપશ્યનાથી થતા બહુ જ લાભ મને અને મારા બાળકને મળેલ છે.

મારું બીજુ બાળક ૧૧ માસનું છે. તે પણ વિપશ્યના બેબી છે. તેના જન્મ અગાઉ મેં ૬ માસની પ્રેગનન્સી હતી, ત્યારે શિબિર કરેલી. અત્યારે મારું બાળક (સમ્યક) બહુ જ બુદ્ધિશાળી છે. બહુ જ શાંત ને સરળ છે. વિપશ્યના ઉપરથી જ મને સમ્યક નામ મળેલ છે. મારા બાળકો અંશ અને સમ્યક બુદ્ધિના ખજાના છે. સમ્યક પણ બહુ તંદુરસ્ત છે.

મારા બાળકોની બુદ્ધિ જોઈને મને અને મારા પરિવારને મારા બાળકો ઉપર ગર્વ થાય છે. શિબિર પછી પ્રેગનન્ટ બહેનો શાંત, આનંદિત અને ઉત્સાહભર્યું જીવન જીવે છે. શિબિર પછી પુસ્તકો વાંચવા પડતા નથી, કેમકે શિબિરનો અનુભવ દરરોજ નવું શીખવે છે.

બન્ને ધમ્મબેબીની શાંત પ્રકૃતિ, સરળ વર્તન જોઈને પરિવારના સગાં-સ્નેહીઓને પણ શિબિરમાં બેસવા પ્રેરણા મળે છે.

લિ. રેખાબેન, ગામ - સમઢિયાળા,
તા. ઉપલેટા, જી. રાજકોટ.

# નવનિર્માણાધીન સાધના કેન્દ્ર ધમ્મઅંબિકા - સુરત

તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ આયોજિત જૂના સાધકોના સંમેલનમાં ૪૨૫ જેટલા સાધકોએ હાજરી આપી. કેન્દ્રના નિર્માણ અને વિકાસ તેમ જ ધર્મ-પ્રસાર અંગે વિશદ ચર્ચા કરી. બિલિમોરા સ્થિત નાયક ફાઉન્ડેશનનાં ટ્રસ્ટી અત્રે ઉપસ્થિત રહેલ. ટ્રસ્ટી સ્વયં સાધિક હોવાને લઈ તેમના સભ્યો સુધી વિપશ્યના પહોંચાડવા ઉત્સુક હતાં. જેના પરિપાક રુપે તા. ૧૨ ફેબ્રુઆરીથી તેમના પરિસરમાં ૧૦ દિવસીય શિબિર લગાવવામાં આવી. જેમાં તેમના ૨૫ એક્ઝિક્યુટિવે ભાગ લીધો.

આ ફાઉન્ડેશન દ્વારા સહાય પામતા ૮૦,૦૦૦ બાળકોને આનાપાન શીખવવાનું આયોજન પણ થઈ રહ્યું છે.

કેન્દ્ર પર પ્રથમ ૩ દિવસીય શિબિર તા. ૫ એપ્રિલથી ૮ એપ્રિલ દરમિયાન યોજાશે.

## ગુજરાતના કેન્દ્રો પર જૂના સાધકો માટે શિબિરો

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર- ''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. |
|---|---|---|---|
| **સતિપટ્ઠાન શિબિરો** | | | |
| 15-06-12 to 23-06-12<br>24-09-12 to 02-10-12 | 06-08-12 to 14-08-12<br>03-11-12 to 11-11-12<br>03-03-13 to 11-03-13 | 03-03-12 to 11-03-12 | 01-09-12 to 09-09-12 |
| **૧૦ દિવસીય ગંભીર વિશેષ શિબિરો** | | | |
| 27-06-12 to 08-07-12 | 10-08-12 to 21-08-12 | | 12-12-12 to 23-12-12 |
| **દીર્ઘ શિબિરો ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર** | | | |
| (૨૦ દિવસીય)<br>04-10-12 to 25-10-12<br>(૩૦ દિવસીય)<br>24-09-12 to 25-10-12<br>યુવતીઓ માટે<br>05-05-12 to 13-05-12<br>યુવકો માટે<br>21-04-12 to 29-04-12 | (૨૦ દિવસ)<br>17-03-12 to 07-04-12<br>05-08-12 to 26-08-12<br>13-03-13 to 03-04-13<br>(૩૦ દિવસ)<br>07-03-12 to 07-04-12<br>02-12-12 to 02-01-13<br>03-03-13 to 03-04-13<br>(૪૫ દિવસ)<br>03-12-12 to 17-01-13 | મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન''<br>(0265) 2341181, (M) 94283 32180<br>E-mail : vra84@ hotmail.com<br>(સતિપટ્ઠાન)<br>12-05-12 to 20-05-12<br>(૧૦ દિવસીય ગંભીર)<br>11-07-12 to 22-07-12 | (જૂના સાધકો માટે ૩ દિવસીય શિબિર)<br>19-04-12 to 22-04-12<br>15-08-12 to 18-08-12<br>22-11-12 to 25-11-12 |

## વિપશ્યના પરિચય કાર્યક્રમ-ધમ્મકોટ

તા. ૧૮ માર્ચ, રવિવારે વિપશ્યી સાધકોના પરિવારજનો /સ્નેહીજનો માટે ધમ્મકોટ કેન્દ્ર પર **વિપશ્યના પરિચય કાર્યક્રમ**નું આયોજન નીચે મુજબ કરેલ છે.

સમય : સવારે ૧૦-૦૦ થી બપોરે ૧-૦૦ કલાક

* ૧-૦૦ વાગ્યે ભોજન અને સમાપન
* આઠ વ્યક્તિઓ સુધી સ્પેશ્યલ રિક્ષા આપના ઘર/વિસ્તારથી કેન્દ્ર અને પરત આવવા થઈ શકશે.
* વાહન વ્યવસ્થાની જરૂરતવાળા ભાઈ-બહેનો સિટિ ઓફિસ પર સંપર્ક કરી શકે છે.
* સિટિ ઓફિસ/ધમ્મકોટ કેન્દ્ર પર ફોન દ્વારા રજિસ્ટ્રેશન કરાવીને જ આવશો. જેથી ભોજનની તથા અન્ય સુવિધા થઈ શકે.

## મંગલમૃત્યુ

મોરબીના સાધક એમ.એમ.પટેલનું તા. ૨૭-૧-૨૦૧૨ના રોજ ૮૫ વર્ષની પાકટ વયે અવસાન થયું છે. મૃત્યુ સમયે તેમણે શાંત ચિત્તે સાધનારત અવસ્થામાં દેહ છોડ્યો હતો.

## રાજકોટ - સમૂહ સાધના

**સમયમાં વૃદ્ધિ, માસૂમ સ્કૂલ, દર રવિવારે સવારે ૮ થી ૧૦**

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર "ધમ્મકોટ" | કચ્છ વિપશ્યના કેન્દ્ર "ધમ્મસિંધુ" | ગુર્જર વિપશ્યના કેન્દ્ર "ધમ્મપીઠ" | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર-"ધમ્મ દિવાકર" | મોગર કેન્દ્ર "ધમ્મ ભવન" |
|---|---|---|---|---|
| C/o. આભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2220861-866 2782550, 94272 21591 94263 02222 dhammakot@gmail.com | માંડવી. C/o. શ્રી ... મુ. ધાબા, પો. કે. ટી. ... માંડવી. ૩૭૦-૪૬૦ ... (02834) 273303, 273612. | અમદાવાદ ... તા. ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૭ ૮૧૦ (02714) 294630, (M) 94264 19397 | મીઠા મહેસાણા. C/o. ... પો. ... (ઉ.ગુ.)-૩૮૪ ... ... (M) 94292 33000 | ... વડોદરા-... (0265) 2341181 (M) 94263 32180 E-mail : vns04@hotmail.com |

### ૨૦૧૧/૧૨ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| 07-03 to 18-03-12 | 10-04-12 to 21-04-12 | 14-03-12 to 25-03-12 | 29-02-12 to 11-03-12 | 14-03-12 to 25-03-12 |
| 21-03 to 01-04-12 | 23-04-12 to 04-05-12 | 28-03-12 to 08-04-12 | 28-03-12 to 08-04-12 | 04-04-12 to 15-04-12 |
| 04-04 to 15-04-12 | 06-05-12 to 17-05-12 | 11-04-12 to 22-04-12 | 11-04-12 to 22-04-12 | 22-05-12 to 02-06-12 |
| ફક્ત ભાઈઓ માટે 18-04 to 29-04-12 | 19-05-12 to 30-05-12 | 24-04-12 to 05-05-12 | 25-04-12 to 06-05-12 | 13-06-12 to 24-06-12 |
| ફક્ત બહેનો માટે 02-05 to 13-05-12 | 01-06-12 to 12-06-12 | 23-05-12 to 03-06-12 | 23-05-12 to 03-06-12 | 05-09-12 to 16-09-12 |
| 16-05 to 27-05-12 | 14-06-12 to 25-06-12 | 06-06-12 to 17-06-12 | 06-06-12 to 17-06-12 | 03-10-12 to 14-10-12 |
| 30-05 to 10-06-12 | 27-06-12 to 08-07-12 | 22-06-12 to 03-07-12 | 22-06-12 to 03-07-12 | 28-10-12 to 08-11-12 |
| 13-06 to 24-06-12 | 10-07-12 to 21-07-12 | 06-07-12 to 17-07-12 | 06-07-12 to 17-07-12 | 12-12-12 to 23-12-12 |
| 27-06 to 08-07-12 | 24-07-12 to 04-08-12 | 20-07-12 to 31-07-12 | 20-07-12 to 31-07-12 | |
| 09-07 to 20-07-12 | 28-08-12 to 08-09-12 | 01-08-12 to 12-08-12 | 15-08-12 to 26-08-12 | |
| 21-07 to 01-08-12 | 10-09-12 to 21-09-12 | 15-08-12 to 26-08-12 | 12-09-12 to 23-09-12 | |
| 08-08 to 19-08-12 | 24-09-12 to 05-10-12 | 29-08-12 to 09-09-12 | 26-09-12 to 07-10-12 | |
| 22-08 to 02-09-12 | 06-10-12 to 17-10-12 | 12-09-12 to 23-09-12 | 10-10-12 to 21-10-12 | |
| 05-09 to 16-09-12 | 19-10-12 to 30-10-12 | 26-09-12 to 07-10-12 | 24-10-12 to 04-11-12 | |
| 27-10 to 07-11-12 | 01-11-12 to 12-11-12 | 10-10-12 to 21-10-12 | 16-11-12 to 27-11-12 | |
| 09-11 to 20-11-12 | 14-11-12 to 25-11-12 | 24-10-12 to 04-11-12 | | |
| 21-11 to 02-12-12 | | 11-11-12 to 22-11-12 | | |
| 05-12 to 16-12-12 | | | | |

### એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| | | | |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ત્રીજા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ માટે | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના ત્રીજા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

**: પર્વ :**

... પટેલ (...) ..., ... મો. ...

08-05-12 to 19-05-12
05-07-12 to 16-07-12
06-09-12 to 17-09-12
18-11-12 to 29-11-12

### દોહા ધરમના

ભલે ન મન મૈલા કરેં, તન કે સારે રોગ ।
પર તન રોગી હો ઉઠે, જબ મન જાગે રોગ ॥

જબ જબ જગે વિકાર મન, તભી હોય અપરાધ ।
મન માનસ નિર્મલ હુઆ, સહજ છુટે અપરાધ ॥

જબ જાગે દુર્ભાવના, મન દુર્મન હી હોય ।
જબ જાગે સદ્‌ભાવના, સુમન સુહર્ષિત હોય ॥

**એક્સેલ કોપર્સ લિમિટેડ**
૬/૨, કુંભારવાડા રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૭૧-૨-૩ ની મંગલકામના

### દોહા ધરમના

મૈલે મન દુઃખ ચક્ર સે, કોઈ હુઆ ન પાર ।
જો સુખ ચાહે માનવી ! અપના ચિત્ત સુધાર ॥

જિતની હાનિ ન કર સકે, દુશ્મન દ્વેષી દોય ।
અધિક હાનિ નિજ મન કરે, જબ મન મૈલા હોય ॥

જબ તક મન મેં કામના, જબ તક મન મેં રાગ ।
તબ તક બંધનયુક્ત હૈ, મનુજ બડા હતભાગ ॥

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) આભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : ચંદુભાઈ મહેતા, મુદ્રણ સ્થાન : નાવિન આર્ટ, "મુક્તિધામ કોમ્પ્લેક્ષ", રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : ભરત ... વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : આભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટરના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : આભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૧.

વિપશ્યના 7 ફેબ્રુઆરી 2012 — આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઇગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરેલ છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2014)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

Weighs less than 10 gms
Posted without Payment of Postage.
Posting day-25th of every month.
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
આભા હોટલ, પંચનાથ રોડ,
રાજકોટ - 360 001.
સિટી ઓફિસ : ફોન - (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org